**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૪ સપ્ટેંબર ૨૦૧૧**

**કુષ્ઠપીડિતોની રાષ્ટ્રપતી ને કાકલુદી**

**નવી દિલ્હી, ગુરૂવાર :** " કુષ્ઠપિડીતો ને કલંકરહિત, સન્માન અને ઉદ્દેશ્યપૂર્ણ જીવન જીવી શકાય તેમજ દેશમાંથી કુષ્ઠરોગ સંપૂર્ણ નિર્મૂલન થાય તે માટે પ્રયત્ન કરવાનું આશ્વાસન મહામહીમ રાષ્ટ્રપતી શ્રીમતી પ્રતીભા પાટીલે આજે તેમની પાસે કુષ્ઠપીડિતોની વ્યથાકથા લઈને આવેલ શિષ્ટમંડળ ને આપ્યું હતું. માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક ના નેતૃત્વ હેઠળ કુષ્ઠપીડિતોની સમસ્યાઉનાં નિરાકરણ બાબતે એક ઉચ્ચસ્તરીય શિષ્ટમંડળે રાષ્ટ્રપતીની મુલાકાત લીધી હતી. નૅશનલ ફોરમ ઑફ લેપ્રસી અફેકટેડ પર્સન ના અધ્યક્ષ ડૉ.પી.કે.ગોપાળ, ઈંટરનૅશનલ લેપ્રસી યુનીયન ના અધ્યક્ષ ડૉ. શરદ્ચંદ્ર ગોખલે, હિંદ કુષ્ઠ નિવારણ સંઘનાં શ્રી ઉદય ઠાકર, મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંઘટનના અધ્યક્ષ શ્રી બળીરામ તાંબડે, સંજયનગર રહિવાસી સંઘ, મુંબઈનાં અધ્યક્ષ શ્રી ભીમરાવ મધાળે અને દિલ્હી ના કાર્યકર્તા શ્રી એસ.કે. દત્તાનો ઉચ્ચસ્તરીય શિષ્ટમંડળમાં સમાવેશ હતો. "

આ બાબતે પાર્શ્વભૂમી રજૂ કરતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " કુષ્ઠપીડિતો માટે કામ કરનારા અમુક માન્યવર અને કુષ્ઠપીડિતોની વસ્તીઉનાં અમુક પ્રતિનિધી ની સાથે કુષ્ઠપીડિતો ની સમસ્યા અને તેમના સશકિતકરણ બાબતે મેં રાજયસભામાં ૫ ડિસેંબર ૨૦૦૭ માં એક વિનંતી અર્જી દાખલ કરી હતી. વિનંતી અર્જી સમિતીના તત્કાલીન અધ્યક્ષ શ્રી વેંકૈય્યા નાયડૂના વડપણ હેઠળની અનેક રાજયોની અને ઠેકઠેકાણેની કુષ્ઠપીડિતોની વસાહતો ની મુલાકાતો લીધી હતી. પૂરેપૂરો અભ્યાસ અને ચર્ચાઓ બાદ ઉકત સમિતીએ ૨૪ ઑકટોબર ૨૦૦૮ ના રાજયસભામાં પોતાનો અહેવાલ રજૂ કર્યો જુદાજુદા મંત્રાલયોના પ્રતિસાદ બાદ ફરી એક વખત સમિતીએ કરેલ કાર્યવાહી ના સંદર્ભ નો કૃતી અહેવાલ (એટીઆર) ૨૨ નવેંબર ૨૦૧૦ ના સભાગૃહના પટલ પર મૂકયો હતો. મૂળ અહેવાલમાં અને કુષ્ઠપીડિતોના સશકિતકરણ બાબતે આપેલ શિફરસો થી અમે સર્વ યાચિકાકર્તાઓ સંતુષ્ટ હતા."

"સમિતિની સિફારશ જૂદા જૂદા મંત્રાલય ને સંબંધીત હતી. જો વડાપ્રધાને હસ્તક્ષેપ કર્યો તો આ સિફારશો ની તાત્કાલિક અમલબજાવણી થઈ શકશે તેવું લાગતા અમે ૧ જાન્યુઆરી ૨૦૧૧ ના પત્ર લખી તેમની મુલાકાતનો સમય માગ્યો. ત્યારબાદ ૨૦ જાન્યુઆરી અને ૧૦ ફેબ્રઆરી ના સ્મરણપત્રો પણ પાઠવ્યા. છતાંયે તેમના તરફથી સાદી પહોંચ પણ ન મળતાં અંતે ૯ માર્ચ ૨૦૧૧ ના તેમને સંકટ સંદેશ (SOS) આપનારો પત્ર પાઠવ્યો. દુર્ભાગ્યે

તેનો પણ વડાપ્રધાને પ્રતિસાદ આપ્યો નહી. વડાપ્રધાનની આ સંવેદનહીનતા ખૂબજ દુઃખદ હતી. દરમ્યાન, ૨૫ માર્ચ ૨૦૦૧૧ ના સંયુકત રાષ્ટ્રસંઘે એક ઐતિહાસીક ઠરાવ મંજૂર કર્યો. સંયુકત રાષ્ટ્રસંઘના પ્રસ્તાવ ક્ર.૬૫/૨૧૫ માં કુષ્ઠપીડિત અને તેમના પરિવારો સાથે થનારા સાવકો વ્યવહાર બંધ કરવામાં આવે અને આ દ્રષ્ટિએ અમલબજાવણી શરૂ કરવામાં આવે તે માટે માર્ગદર્શક બાબતો આપવામાં આવી. આ ઘટના બાદ અમે દેશ ની સર્વોચ્ચ વ્યવસ્થા અર્થાત મહામહી રાષ્ટ્રપતી ને સીધીજ કાકલુદી કરવાનો નિર્ણય કર્યો. તદ્નૂસાર આજે અમે અમારા સૂચનો અને માગણીઓ રાષ્ટ્રપતી સન્મુખ રજૂ કરી." એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું.

શિષ્ટમંડળે અહીં આપેલ વિષયો બાબતે હસ્તક્ષેપ કરવાની રાષ્ટ્રપતી ને વિનંતી કરી : ૧) કુષ્ઠપીડિતોના સશકિતકરણ માટે સામાજીક - આર્થિક પુનર્વસન ધોરણ તૈયાર કરવું, ૨) મૂળ યાચિકામાં નોંધવામાં આવેલ ૧૬ કાયદાઓમાં સુધારણા કરવી, ૩) કુષ્ઠપીડિતોના ભરણપોષણ માટે મળનારાં ભત્તામાં રૂ. ૨૦૦૦ /- સૂધી નો વધારો કરવો તેમજ સર્વ રાજયો માં એકસરખું ભત્તુ આપવું, ૪) ગરીબી રેખાની તળે આવતાં નાગરિકોને અને અપંગોને મળતાં સર્વ સામાજીક અને આર્થિક લાભ કુષ્ઠપીડિતોને પણ આપવા, ૫) કુષ્ઠપીડિતોની વસાહતોને નાગરી સગવડો પૂરી પાડવી, ૬) કુષ્ઠપીડિતોના બાળકોને ઉચ્ચ શિક્ષણની સગવડ અને તેના માટે છાત્રવૃત્તી આપવી, ૭) કુષ્ઠપીડિતો મારફત નિર્માણ કરવામાં આવેલ વસ્તૂ પર વૅટ ન લાદવો, ૮) રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય ઉપક્રમ ની રાજય અને જીલ્હા સ્તરીય સમિતી પર તેમજ કુષ્ઠપીડિતો ના કેંદ્રિય પુનર્વસન મંડળ પર કુષ્ઠપીડિતોના પ્રતિનિધીઓની નિમણૂક કરવી, ૯) કુષ્ઠદર્દીઓની સંખ્યામાં થયેલ વધારો અથવા કુષ્ઠરોગના નિર્મૂલન બાબતની હાલ ની સ્થિતી જાણવા માટે દેશભર ના ધોરણે સર્વેક્ષણ કરવું અને ૧૦) કુષ્ઠપીડિતોને લાગતાવળગતા સેવાકાર્યો માં કુષ્ઠપીડિતો નો સહભાગ વધારવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના માર્ગદર્શક સૂચનો ની અમલ બજાવણી કરવી.

" મહામહીમ રાષ્ટ્રપતી સાથે થયેલ ચર્ચા અને તેમના આશ્વાસન ને કારણે અમે સંતુષ્ટ છીએ. તેમના આશ્વાસન ની પૂર્તી ની હવે અમે આતુરતાપૂર્વક રાહ જોઈશું", તેમ શ્રી રામ નાઈકે અંતે કહ્યું હતું.

**(કાર્યાલય સચિવ)**